# Kids કોર્નર

**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in



# શિયાળનું લગ્ન

વારતા રે વારતા

એક સમયની વાત છે. એક વિશાળ અને લીલાછમ જંગલમાં એક ખૂબ જ ચાલાક શિયાળ રહેતો હતો. આખા જંગલમાં તેની બુદ્ધિ અને ચતુરાઈના વખાણ થતા. શિયાળ હંમેશા પોતાને સૌથી હોશિયાર માનતો અને માનતો કે તેની જેવી સમજદારી કોઈમાં નથી. પરંતુ આ ચાલાકી સાથે તેમાં એક મોટો દોષ પણ હતો–સ્વાર્થ.

એક દિવસ શિયાળ નદીકાંઠે બેઠો હતો. તે પાણીમાં પોતાનો પ્રતિબિંબ જોઈ રહ્યો હતો. અચાનક તેના મનમાં વિચાર આવ્યો, "હું એટલો હોશિયાર અને સમજદાર છું, તો મારા લગ્ન પણ તો શાહી હોવા જોઈએ! જો મારા લગ્ન ભવ્ય થશે, તો આખા જંગલમાં મારી ઈજ્જત વધી જશે."

આ વિચારે તે ખૂબ ઉત્સાહિત થયો. તેણે તરત જ નક્કી કર્યું કે હવે લગ્ન કરવાના છે. તેણે જંગલમાં ઢોલ-નગારાં વગડાવ્યા અને દરેક પ્રાણી સુધી સંદેશો પહોંચાડ્યો–"શિયાળના લગ્ન છે!"

આ સમાચાર સાંભળતાં જ જંગલમાં ચર્ચા શરૂ થઈ ગઈ. વાંદરો બોલ્યો, "ચાલાક શિયાળ હવે કોને પરણશે?" કાગડો કાંકારો કરવા લાગ્યો, "લગ્નમાં તો મજા આવશે!" હરણ, સસલું, મોર–બધા ઉત્સુક થઈ ગયા.

શિયાળે દુલ્હન તરીકે એક સુંદર, શાંત અને સમજદાર શિયાળી પસંદ કરી. શિયાળી દેખાવમાં જ નહીં, સ્વભાવમાં પણ સારી હતી. તેણે શિયાળને સમજાવ્યું, "લગ્ન આનંદ માટે હોય, દેખાડા માટે નહીં." પણ શિયાળ તો પોતાની શાન બતાવવા માંગતો હતો.

લગ્નની તૈયારી શરૂ થઈ. જંગલમાં મોટા વૃક્ષોની વચ્ચે મંડપ બાંધવામાં આવ્યો. ફૂલોના તોરણ લટકાવાયા, પાંદડાંની થાળીઓ તૈયાર થઈ. મોરને નૃત્ય માટે બોલાવવામાં આવ્યો, વાંદરો મસ્તીમાં નાચવા લાગ્યો અને કાગડાને ગીત ગાવાની જવાબદારી આપવામાં આવી.

પરંતુ શિયાળના મનમાં બીજી જ ચાલતી હતી. તે વિચારતો હતો, "મહેમાનો માટે

**આ વિચારે તે ખૂબ ઉત્સાહિત થયો. તેણે તરત જ નક્કી કર્યું કે હવે લગ્ન કરવાના છે. તેણે જંગલમાં ઢોલ-નગારાં વગડાવ્યા અને દરેક પ્રાણી સુધી સંદેશો પહોંચાડ્યો–"શિયાળના લગ્ન છે!"**

ઘણો ખોરાક બનશે. જો હું પહેલા ચાખી લઉં, તો કોને ખબર પડશે?" તેણે રસોડાની દેખરેખ પોતે રાખવાની જવાબદારી લીધી.

લગ્ન શરૂ થયા. મંત્રોચ્ચાર થતો હતો. એ જ સમયે શિયાળ ધીમેથી રસોડામાં ઘૂસી ગયો. ત્યાં મીઠાઈઓ, ફળો અને સ્વાદિષ્ટ વાનગીઓ જોઈ તેની આંખો ચમકી ઉઠી. તેણે એક લાડુ લીધો, પછી બીજો, પછી હળવો અવાજ કરીને ખીર પીવા લાગ્યો.

એટલામાં વાંદરો ત્યાં આવી પહોંચ્યો. તેણે શિયાળને ખાતા જોઈ લીધો. વાંદરો ચૂપચાપ બહાર ગયો અને બધાને કહી દીધું. થોડી જ વારમાં બધા પ્રાણી રસોડામાં આવી પહોંચ્યા.

શિયાળ મોઢામાં મીઠાઈ અને હાથમાં થાળી લઈને પકડાઈ ગયો. બધા હસી પડ્યા. શિયાળી શાંતિથી બોલી, "લગ્નમાં ખુશી વહેંચવાથી વધે છે, છુપાવીને ખાવાથી નહીં."

શિયાળને ખૂબ શરમ લાગી. તેને પોતાની ભૂલ સમજાઈ. તેણે બધાની સામે માફી માગી અને કહ્યું, "આજથી હું સ્વાર્થ નહીં કરું." પછી તેણે બધાને સાથે બેસાડી પ્રેમથી ભોજન કરાવ્યું અને પોતે છેલ્લે બેઠો. લગ્ન આનંદપૂર્વક પૂર્ણ થયા. નાચ-ગાન, હાસ્ય અને ખુશીથી જંગલ ગૂંજી ઉઠ્યું. તે દિવસ પછી શિયાળ બદલાઈ ગયો. હવે તે ચાલાક તો હતો, પણ સ્વાર્થી નહોતો. આજ પણ જંગલમાં લોકો કહે છે–"શિયાળનું લગ્ન થયું, અને શિયાળને સાચી સમજદારી મળી."

# PM નરેન્દ્ર મોદી પછી દેશમાં સૌથી વધુ સુરક્ષા કોને મળે છે?




ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે પણ કોઈ જાહેર સભામાં જાય છે કે, વિદેશ પ્રવાસે હોય છે, ત્યારે તેમની આસપાસ કાળા ચશ્મા અને અત્યાધુનિક હથિયારો સાથે સજ્જ સુરક્ષાકર્મીઓનો એક મોટો કાફલો જોવા મળે છે. પીએમ મોદીની સુરક્ષા વ્યવસ્થા ઘણીવાર ચર્ચાનો વિષય બને છે. પંજાબમાં બનેલી સુરક્ષામાં ચૂક જેવી ઘટનાઓ બાદ લોકોમાં એ જાણવાની ઉત્સુકતા વધી છે કે, દેશના વડાપ્રધાનની સુરક્ષા ખરેખર કેટલી મજબૂત હોય છે અને આ સિસ્ટમ કેવી રીતે કામ કરે છે. આ સાથે જ એક બીજો સવાલ એ પણ છે કે, PM મોદી પછી દેશમાં સૌથી વધુ સુરક્ષા કોને મળે છે?

ભારતમાં VVIP સુરક્ષાને અનેક સ્તરોમાં વહેંચવામાં આવી છે, અને દરેક સ્તરની જવાબદારી અલગ-અલગ ફોર્સ પાસે હોય છે. પીએમની સુરક્ષાથી લઈને અન્ય મોટા નેતાઓની સુરક્ષા સુધીની આખી સિસ્ટમ ખૂબ જ કડક નિયમો પર ચાલે છે. તો જાણો, પીએમ મોદીની સુરક્ષા કેટલા સ્તરમાં હોય છે અને પીએમ મોદી પછી સૌથી વધુ સુરક્ષા કોને આપવામાં આવે છે?

કોઈપણ દેશ માટે રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનના પદ સૌથી મહત્વના હોય છે, તેથી તેમની સુરક્ષા એ પ્રથમ પ્રાથમિકતા માનવામાં આવે છે. ભારતમાં પીએમની સુરક્ષાની જવાબદારી મુખ્યત્વે સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (SPG) પાસે હોય છે. જોકે, જ્યારે પીએમ કોઈ રાજ્યના પ્રવાસે હોય છે, ત્યારે રાજ્યની પોલીસ પણ સુરક્ષા વ્યવસ્થામાં સામેલ રહે છે. પીએમ મોદીની સુરક્ષાનું પ્રથમ સ્તર એસપીજી બોડીગાર્ડ્સ હોય છે, જે કમાન્ડો પીએમની સૌથી નજીક તૈનાત રહે છે. જ્યારે બીજું સ્તર પણ એસપીજી કમાન્ડોનું જ હોય છે. એસપીજી ભારતની સૌથી ખાસ સુરક્ષા ફોર્સ માનવામાં આવે છે. પહેલા આ સુરક્ષા પૂર્વ વડાપ્રધાનો અને તેમના પરિવારોને પણ મળતી હતી, પરંતુ એસપીજી એક્ટમાં સુધારા પછી હવે તે માત્ર વર્તમાન પીએમને જ આપવામાં આવે છે. ત્રીજા સ્તરમાં NSG (નેશનલ સિક્યુરિટી ગાર્ડ) એટલે કે બ્લેક કેટ કમાન્ડો હોય છે. આ કમાન્ડો માત્ર પીએમ જ નહીં, પરંતુ અન્ય વીવીઆઈપી અને વિશેષ પરિસ્થિતિઓમાં પણ તૈનાત રહે છે. પીએમ મોદીની સુરક્ષામાં ચોથું સ્તર અર્ધલશ્કરી દળોનું હોય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પછી દેશમાં સૌથી વધુ સુરક્ષા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને આપવામાં આવે છે. તેમને Z+ (ઝેડ પ્લસ) કેટેગરીની સુરક્ષા મળી છે. Z+ કેટેગરીની સુરક્ષા ભારતમાં આપવામાં આવતી સૌથી ઊંચી સુરક્ષા શ્રેણીઓમાંથી એક છે. આ સુરક્ષા વ્યવસ્થામાં લગભગ 55 સુરક્ષાકર્મીઓ, એનએસજી કમાન્ડો, બુલેટપ્રૂફ વાહનો અને 24 કલાક સુરક્ષા કવચ સામેલ હોય છે. ગુપ્તચર એજન્સીઓ તરફથી જોખમનું મૂલ્યાંકન કર્યા પછી જ આ સુરક્ષા આપવામાં આવે છે.

## હેપ્પી બર્થડે



નામ : હર્ષિવ મહેતા
માતા : નિધિ મહેતા



નામ : કેવિન રાઠોડ
માતા : હેમાંશી રાઠોડ

## રસ્તો શોધો




## તફાવત શોધો





## ટપકાં જોડો



## શબ્દો શોધો

| | | | | |
|---|---|---|---|---|
| c | u | p | d | h |
| i | b | l | r | u |
| g | u | m | i | g |
| c | s | h | a | p |
| u | s | u | g | i |
| b | u | e | u | g |
| c | u | t | n | a |
| t | n | u | t | j |
| r | u | g | m | u |
| h | u | t | y | g |

gum, hut, cut, cub, nut, gun, bus, cup

# PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

## SIGN GAME

Q1 ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 8 | | 6 | | 7 | | 3 | = | 03 |
| 2) | 3 | | 5 | | 7 | | 9 | = | 17 |
| 3) | 2 | | 4 | | 6 | | 8 | = | 09 |

## CHANGE THE WORD

Q2 આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| C | O | W |
| | | |
| | | |
| E | A | T |

## CHHOTA SUDOKU

Q3 આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| | 5 | |
| | 9 | |
| | 6 | |

વર્તુળો: 18, 26, 25, 21

## BROKEN WORDS

Q4 નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને જુદા જુદા 7 બેંકને સંબંધિત શબ્દો બનાવો.

| | | | | |
|---|---|---|---|---|
| NEY | DR | VI | OV | MO |
| GE | CO | AN | GA | QU |
| RT | EUE | NGS | AFT | TER |
| SA | LO | ER | MO | UN |

| ચાવી | શબ્દો |
|---|---|
| 4 અક્ષર | 1 |
| 5 અક્ષર | 2 |
| 7 અક્ષર | 2 |
| 8 અક્ષર | 1 |
| 9 અક્ષર | 1 |

જવાબ
1. LOAN
2. MONEY
3. QUEUE
4. SAVINGS
5. COUNTER
6. MORTGAGE
7. OVERDRAFT

## જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 8 | − | 6 | + | 7 | ÷ | 3 | = | 03 |
| 2) | 3 | × | 5 | − | 7 | + | 9 | = | 17 |
| 3) | 2 | + | 4 | ÷ | 6 | + | 8 | = | 09 |

Q2

| | | |
|---|---|---|
| C | O | W |
| C | O | T |
| C | A | T |
| E | A | T |

Q3

| | | |
|---|---|---|
| 1 | 5 | 8 |
| 3 | 9 | 4 |
| 7 | 6 | 2 |

વર્તુળો: 18, 26, 25, 21